# વન વિભાગ ગુજરાત રાજય, અરણ્ય ભવન, સેકટર-૧૦,ગાંધીનગર

વન વિભાગના નિયંત્રણ હેઠળના ખાતાના વડા અગ્ર મુખ્ય વન સંરક્ષકની તાબા હેઠળની જુદા જુદા જીલ્લાની કચેરીઓની નીચે દશાવેલ વનરક્ષા સહાયક વર્ગ-૩ ની જગ્યાઓ પર નિમણૂંક માટે ઉમેદવારો પસંદ કરવા મેરીટ યાદી તૈયાર કરવા માટે જગ્યાના સંદર્ભમાં ઉલ્લેખ કરેલ શૈક્ષણીક લાયકાત ધરાવતાં ઉમેદવારો પાસેથી નિયત નમૂનામાં ઓજસ વેબસાઇટ પર ઓનલાઇ અરજીઓ માંગવામાં આવે છે. આ માટે ઉમેદવારે http://ojas.guj.nic.in વેબસાઇટ પર તાઃ૨૭-૦૮-૨૦૧૨ (૨-૦૦ કલાકથી) તાઃ૧૦-૦૯-૨૦૧૨(સમય રાત્રીના ૧૧-૫૯ કલાક સુધી) દરમ્યાન અરજી કરવાની રહેશે. ઉમેદવારે તાજેતરનો પાસપોર્ટ ફોટોગ્રાફ (15 kb) અને સહીનો નમૂનો (15 kb) સાઇઝથી વધે નહી તે રીતે JPG ફોમેટમાં સ્કેન કરી ઓનલાઇન અરજી અપલોડ કરવાની રહેશે. ઉમેદવારે પોતાના બધા જ શૈક્ષણીક, વય અને જાતિ તેમજ લાયકાતના પ્રમાણપત્રો પોતાની પાસે રાખવાના રહેશે અને અરજીપત્રકમાં તે મુજબની વિગતો ભરવાની રહેશે. પરીક્ષા સંદર્ભની બધી જ સૂચનાઓ મોબાઇલ નંબર પર SMS થી આપવામાં આવશે. આથી અરજીપત્રકમાં સંબંધિત કોલમમાં મોબાઇલ નંબર દર્શાવવો અને પરીક્ષા પૂર્ણ થાય ત્યાં સુધી તે નંબર જાળવી રાખવો જરૂરી છે.

૧. ભરવાપાત્ર જગ્યાઓ સહ અનામત ટકાવારી મુજબ જાતિવાર ભરવાની થતી જગ્યાઓની વિગત નીચે મુજબ છે.

| જાહેરાત ક્રમાંક | સંવર્ગ | જીલ્લાનું નામ | સાધી ભરતી થી ભરવા ની જગ્યા ઓ | અનુસુચિત જાતિ | | | અનુસુચિત જનજાતિ | | | સામાજીક શૈક્ષણિક પછાત વર્ગ | | | બિન અનામત | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | સામાન્ય | સ્ત્રી | કુલ | સામાન્ય | સ્ત્રી | કુલ | સામાન્ય | સ્ત્રી | કુલ | સામાન્ય | સ્ત્રી | કુલ |
| ૫/૨૦૧૨ | વનરક્ષા સહાયક | કચ્છ | ૩૦ | ૨ | ૦ | ૨ | ૨ | ૦ | ૨ | ૫ | ૨ | ૭ | ૧૫ | ૪ | ૧૯ |
| | | ડાંગ | ૧૭ | ૦ | ૦ | ૦ | ૫ | ૨ | ૭ | ૩ | ૨ | ૫ | ૩ | ૨ | ૫ |
| | | સુરત | ૪૩ | ૧ | ૦ | ૧ | ૧૨ | ૫ | ૧૭ | ૬ | ૩ | ૯ | ૧૨ | ૪ | ૧૬ |
| | | દાહોદ | ૫૬ | ૧ | ૦ | ૧ | ૧૭ | ૯ | ૨૬ | ૩ | ૧ | ૪ | ૧૭ | ૮ | ૨૫ |
| | | નર્મદા | ૩૮ | ૨ | ૧ | ૩ | ૧ | ૦ | ૧ | ૬ | ૪ | ૧૦ | ૧૭ | ૭ | ૨૪ |
| | | પંચમહાલ | ૩૧ | ૦ | ૦ | ૦ | ૮ | ૫ | ૧૩ | ૪ | ૧ | ૫ | ૯ | ૪ | ૧૩ |
| | | બનાસકાંઠા | ૪૩ | ૪ | ૧ | ૫ | ૨ | ૦ | ૨ | ૭ | ૩ | ૧૦ | ૧૮ | ૮ | ૨૬ |
| | | વડોદરા | ૨૯ | ૧ | ૦ | ૧ | ૧ | ૨ | ૩ | ૬ | ૨ | ૮ | ૧૦ | ૭ | ૧૭ |
| | | તાપી | ૨૨ | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૭ | ૩ | ૧૦ | ૮ | ૩ | ૧૧ |
| | | વલસાડ | ૨૦ | ૦ | ૦ | ૦ | ૩ | ૨ | ૫ | ૨ | ૦ | ૨ | ૮ | ૫ | ૧૩ |
| | | સાબરકાંઠા | ૩૦ | ૧ | ૦ | ૧ | ૪ | ૦ | ૪ | ૯ | ૨ | ૧૧ | ૧૧ | ૩ | ૧૪ |
| | | ભરૂચ | ૧૩ | ૦ | ૦ | ૦ | ૨ | ૧ | ૩ | ૩ | ૧ | ૪ | ૪ | ૨ | ૬ |
| | | જુનાગઢ | ૪૭ | ૨ | ૧ | ૩ | ૫ | ૧ | ૬ | ૮ | ૨ | ૧૦ | ૨૦ | ૮ | ૨૮ |
| | | નડીયાદ | ૧૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૩ | ૧ | ૪ | ૪ | ૧ | ૫ |
| | | જામનગર | ૨૫ | ૨ | ૦ | ૨ | ૧ | ૦ | ૧ | ૩ | ૨ | ૫ | ૧૩ | ૪ | ૧૭ |
| | | ભાવનગર | ૨૫ | ૩ | ૦ | ૩ | ૦ | ૦ | ૦ | ૧ | ૩ | ૪ | ૧૧ | ૭ | ૧૮ |
| | | સુરેન્દ્રનગર | ૩૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ | ૨૧ | ૯ | ૩૦ |
| | | નવસારી | ૧૦ | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૨ | ૦ | ૨ | ૬ | ૧ | ૭ |
| | | અમદાવાદ | ૭ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૫ | ૨ | ૭ |
| | | કુલઃ- | ૫૨૭ | ૨૧ | ૩ | ૨૪ | ૬૩ | ૨૮ | ૯૧ | ૭૯ | ૩૨ | ૧૧૧ | ૨૧૨ | ૮૯ | ૩૦૧ |

૨. (૧) અનામત જગ્યાઓ ફકત મુળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તથા સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારો માટે જ  અનામત છે.

(૨) અનામત વર્ગોના ઉમેદવારો જો બિન અનામત જગ્યા માટે અરજી કરશે તો આવા ઉમેદવારોને વય મર્યાદામાં છૂટછાટ મળશે નહીં.

(૩) ઉમેદવારે ઓનલાઇન ફોર્મ ભરતી વખતે તેઓ અનામત કેટેગરીમાં અરજી કરવા માંગે છે કે બિન અનામત કેટેગરીમાં અરજી કરવા માંગે છે તે સ્પષ્ટ જણાવવું. એક વખત ઓનલાઇન અરજી કર્યા બાદ ઓનલાઇન ફોર્મમાં દર્શાવેલ જાતિ/કક્ષામાં કોઇપણ પ્રકારનો ફેરફાર કરવા દેવામાં આવશે નહીં. જો કોઇ ઉમેદવાર પાછળથી આ બાબતે રજૂઆત કરશે, તો તેની રજૂઆત સ્વીકારવામાં આવશે નહિ કે તેનો કોઇ પ્રત્યુત્તર આપવામાં આવશે નહિ. ઉમેદવારોને આ સૂચના ધ્યાને લઇ તેનું અચૂકપણે પાલન કરવા જણાવવામાં આવે છે.

(૪) માજી સૈનિક માટે કુલ ભરવાપાત્ર જગ્યાઓનાં ૧૦ ટકા મુજબ  જગ્યાઓ અનામત છે, જે તે કેટેગરી સામે સરભર કરાશે. માજી સૈનિક માટેની અનામત જગ્યાઓ માટે જો લાયક માજી સૈનિક ઉમેદવાર ઉપલબ્ધ ન થાય તો તે જગ્યાઓ જે તે કેટેગરીના અન્ય લાયક ઉમેદવારથી ભરવામાં આવશે.

(૫) મહિલાઓ માટેની જગ્યાઓ ૩૦ ટકા મુજબ અનામત છે, જે જે તે કેટેગરી સામે સરભર કરાશે. મહિલા ઉમેદવારો માટેની અનામત જગ્યાએ જો લાયક મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહીં થાય તો તે કેટેગરીના પુરૂષ ઉમેદવારોથી ભરવામાં આવશે.

(૬) સરકારના પ્રવર્તમાન નિયમો અનુસાર વિધવા મહિલા ઉમેદવારો માટે પસંદગીમાં અગ્રતા આપવા માટે તેમને મળેલ કુલ ગુણના ૫(પાંચ) ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે. પરંતુ તેઓએ ભરતી તથા નિમણૂંક સમયે પુનઃ લગ્ન કરેલ ન હોવા જોઇએ. ઉપરાંત સમિતિ માંગે ત્યારે તેના તમામ પુરાવાઓ અસલમાં રજૂકરવાના રહેશે.

ઉકત જગ્યાઓના વેતન અને પગાર ધોરણ, શૈક્ષણિક લાયકાત તથા વય મયાદાની વિગતો નીચે મુજબ છે.

| | સંવર્ગ | પગાર ધોરણ | પ્રથમ પાંચ વર્ષ માટે મળવાપાત્ર વેતન | શૈક્ષણિક લાયકાત | વય મર્યાદા |
|---|---|---|---|---|---|
| ૫ | વનરક્ષા સહાયક | રૂ.૫૨૦૦-૨૦૨૦૦ (ગ્રેડ પે રૂ.૧૮૦૦) | રૂ.૫,૩૦૦ | ૧. એસ.એસ.સી. અથવા સમકક્ષ પરીક્ષા પાસ | ૧૮વર્ષથી  ઓછા નહી અને ૨૫વર્ષથી વધુ નહીં |

વન રક્ષા સહાયક ની જગ્યા માટે શારીરીક ધારાધોરણ નીચે મુજબ રહેશે.

| | અ.જ.જા. ઉમેદવાર સિવાયના અન્ય | | મૂળ ગુજરાત ક્ષેત્રના અ.જ.જા. ઉમેદવારો માટે | |
|---|---|---|---|---|
| | **પુરુષ** | **મહિલા** | **પુરુષ** | **મહિલા** |
| ઉચાઇ | ૧૬૩ સે.મી. | ૧૫૦ સે.મી. | ૧૫૫ સે.મી. | ૧૪૨ સે.મી. |
| છાતી(ફુલાવ્યા પહેલા) | ૭૯ સે.મી. | ૭૪ સે.મી. | ૭૬ સે.મી. | ૭૧ સે.મી. |
| છાતી(ફૂલાવેલ) | ૮૪સે.મી. | ૭૯ સે.મી. | ૮૧ સે.મી. | ૭૬ સે.મી. |

- વનરક્ષા સહાયકની જગ્યા માટે વોકીંગ ટેસ્ટ,પુરુષ ઉમેદવાર માટે ૨૫ કી.મી. અને સ્ત્રી ઉમેદવાર માટે ૧૪ કી.મી. ૪ કલાકમાં પૂર્ણ કરવાનો રહેશે.
- શારીરિક ક્ષમતાની કસોટી માટે માપદંડ જીલ્લા કક્ષાની પસંદગી સમિતિ દ્વારા ભરતી મેળો નિયત કરેલ જીલ્લાઓમાં એક જ દિવસે યોજવામાં આવશે. શારીરિક ક્ષમતામાં દોડ, વિધ્નદોડ, પર્વતારોહણ, નદી નાળા કે તેનો વિસ્તાર પાર કરવું, ડુંગરાળ વિસ્તારમાં ઝડપથી ચાલવું વગેરે કસોટી ભરતી સમિતિ દ્વારા નકકી કર્યા પ્રમાણે યોજવામાં આવશેં. જેના આધારે શારીરિક ક્ષમતા નકકી કરવામાં આવશે.
- શારીરિક કસોટી દરમ્યાન થયેલ કોઇપણ શારીરિક ઇજા અથવા અન્ય હાનિ માટે વળતર આપવામાં આવશે નહી.
- નાણા વિભાગના તાઃ૧૬-૨-૦૬, તાઃ૦૧-૮-૦૬ તથા તાઃ૬-૧૦-૨૦૧૧ ના ઠરાવ તથા સામાન્ય વહીવટ વિભાગના તાઃ૦૪-૦૬-૦૯ ના ઠરાવની જોગવાઇઓને આધીન જે બોલીઓ/શરતો/નિયમો નકકી કરેલ છે તે તેમજ હવે પછી વખતો વખત સરકારશ્રી દ્વારા નકકી કરવામાં આવે તે બોલીઓ/શરતો/નિયમો ઉમેદવારને બંધનકર્તા રહેશે. પ્રવર્તમાન જોગવાઇઓને આધિન પ્રથમ પાંચ વર્ષ માટે ઉપર દર્શાવ્યા મુજબના વેતનના ધોરણે લાયક ઉમેદવારને અજમાયશી ધોરણે નિમણુંક અપાશે. તે સિવાય અન્ય કોઇ ભથ્થા કે લાભો મળવાપાત્ર રહેશે નહી. ત્યારબાદ પાંચ વર્ષની સંતોષકારક સેવાપુર્ણ થયાની ખાત્રી થયા બાદ ઉપર જણાવેલ વિગતે અથવા સરકારશ્રી દ્વારા જે તે જગ્યા માટે વખતો વખત નિયત કરેલ મળવાપાત્ર પગાર ધોરણોમાં નિમણુંક મેળવવાને પાત્ર ઠરશે.
- આ ભરતી રાજય સરકારશ્રી દ્વારા નામ. સુપ્રિમ કોર્ટમાં દાખલ કરવામાં આવેલ એલ.પી.એ.નંબર ૧૪૧૨૪-૧૪૧૨૫ /૨૦૧૨ ના આખરી ચુકાદાને આધીન રહેશે.

પરીક્ષાની રૂપરેખા અને વિષયોની વિગતઃ- આ પરીક્ષામાં જાહેરાત ક્રમાકઃ ૫ માટે હેતુલક્ષી પ્રકારનુ ૨૦૦ માર્કસનું **OMR** પધ્ધતિનું એક પ્રશ્નપત્ર બે કલાકના સમયગાળા માટે લેવામાં આવશે.

૩. રાષ્ટ્રીયતાઃ- ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઇએ અથવા તે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ-૭ હેઠળ કરવામાં આવેલ જોગવાઇ મુજબ પાત્રતા ધરાવતો હોવો જોઇએ.

૪. ઉમેદવાર ગુજરાતી/હિન્દી અથવા બન્ને ભાષાનું પુરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇએ.

૫. **કોમ્પ્યુટર જાણકારીઃ-**

(૧) ઉમેદવાર રાજય સરકારનાં ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ અન્વયે ઠરાવેલી કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇએ. (૨) સામાન્ય વહીવટ વિભાગનાં તા.૧૩/૦૮/૦૮ ના સરકારી ઠરાવ ક્રમાંકઃસીઆરઆર-૧૦-૨૦૦૭-૧૨૦૩૨૦-ગ.પ થી નક્કી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનું બેઝિક નોલેજ ધરાવતા હોવા અંગેનું કોઇપણ સરકાર માન્ય તાલીમ સંસ્થાનું પ્રમાણપત્ર /માર્કશીટ ધરવતા હોવા જોઇશે અથવા સરકાર માન્ય યુનિવર્સિટી અથવા સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઇપણ ડિપ્લોમા અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ ની પરીક્ષા કોમ્પ્યુટરના વિષય સાથે પસાર કરેલ હોય તેવા પ્રમાણપત્રો ધરાવતાં હોવા જોઇએ. આ તબક્કે આ પ્રમાણપત્ર ન ધરાવતા ઉમેદવારો પણ અરજી કરી શકશે. પરંતુ નિમણૂક મેળવતાં પહેલા આ પ્રમાણપત્ર અચૂક રજુ કરવાનું રહેશે અન્યથા નિમણૂક મેળવવાને પાત્ર ઠરશે નહીં.

**૬. વય મર્યાદામાં છૂટછાટઃ-**

- મૂળ ગુજરાતના હોય તેવા અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજીક શૈક્ષણિક રીતે પછાત ઉમેદવારોના કિસ્સામાં ઉપલી વય મર્યાદામાં નિયમોનુસાર પાંચ (૫) વર્ષની છૂટછાટ આપવામાં આવશે.
- સામાન્ય વહીવટ વિભાગના તા.૨૨/૦૫/૧૯૯૭ ના ઠરાવની જોગવાઇ મુજબ મહિલા ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં પાંચ (૫) વર્ષની છૂટછાટ આપવામાં આવશે.
- માજી સૈનિક ઉમેદવારો કે જેઓએ નૌ સેના, વાયુ સેના અને ભૂમિ આર્મ્ડ ફોર્સીસમાં ઓછામાં ઓછા છ (૬) માસની સેવા કરી હોય અને માજી સૈનિક તરીકે સક્ષમ અધિકારીનું ઓળખકાર્ડ/પ્રમાણપત્ર ધરાવતાં હોય તો મળવાપાત્ર ઉપલી વયમર્યાદામાં તેઓએ બજાવેલ ફરજનો સમયગાળો ઉપરાંત ત્રણ (૩) વર્ષ સુધીની છૂટછાટ મળશે.
- તાઃ૦૧-૦૯-૨૦૧૨ના રોજ ઉમેદવારની ઉંમર ૧૮ વર્ષથી ઓછી અને ૨૫ વર્ષથી વધુ ન હોવી જોઇએ.

**નોંધઃ-**

૧) તમામ કેટેગરીનાં ઉમેદવારોની ઉપલી વય મર્યાદા છૂટછાટ સાથે કોઇપણ સંજોગોમાં નિયત તારીખે ૪૫ વર્ષથી વધવી જોઇશે નહીં.

૨) તમામ ઉમેદવારોના કિસ્સામાં જાતિનું પ્રમાણપત્ર, વયમર્યાદા, શૈક્ષણિક લાયકાત, વધારાની લાયકાત, અનુભવ અને નોન ક્રિમિલિયર સર્ટીફીકેટ અરજી કરવાની છેલ્લી તારીખની સ્થિતિએ દયાનમાં લેવામાં આવશે.

૩) વિકલાંગ ઉમેદવારોએ અરજી કરવી નહી.

**૭. અરજી ફી**

(૧) ઉમેદવારોએ જયારે OJAS વેબસાઇટ પર પોતાની અરજી સબમીટ કરે ત્યારે તેઓને ફી ભરવા માટે ઓનલાઇન ઉપલબ્ધ ચલણની ત્રણ નકલોની એક પાના ઉપર પ્રિન્ટ મેળવવાની સુચના મળશે. ઉમેદવારોએ આ પાનાની પણ પ્રિન્ટ મેળવી લેવાની રહેશે. ઉમેદવારોએ ચલણ સાથે કોઇપણ કોમ્પ્યુટરાઇઝ પોષ્ટ ઓફિસમાં જઇને જનરલ કેટેગરીના ઉમેદવારોએ પરીક્ષા ફી પેટે રૂ.૩૫૦/- (અંકે રૂપિયા ત્રણસો પચાસ પુરા) અને એસ.સી./એસ.ટી./એ.સી.બી.સી. તથા એકસ સર્વિસ મેન કેટેગરી માટે રૂ.૨૫૦/-(અંકે રૂપિયા બસો પચાસ પુરા) "**વન સંરક્ષક (બજેટ) ગાંધીનગર**" ના નામની ભરી દેવાના રહેશે. ચલણની એક નકલ પોષ્ટ ઓફિસ રાખી લેશે અને બે નકલ ઉમેદવારને સિકકા/સ્ટીકર સાથે પરત આપશે. આ નકલ ઉમેદવારે સાચવી રાખવાની રહેશે અને પરીક્ષા સમયે કોલ લેટર સાથે અચુક સાથે લાવવાની રહેશે. અન્યથા ઉમેદવારને પરીક્ષામાં પ્રવેશ આપવામાં આવશે નહિ. તેમજ અન્ય કોઇ રીતે ફી સ્વીકારવામાં આવશે નહિ. ઉમેદવારને ફી ભર્યાબાદ ૨૪ કલાકમાં જો **SMS** ન મળે તો તાત્કાલિક જે તે પોષ્ટ ઓફિસનો સંપર્ક કરવો. (૨) ફી ભર્યા બાદ રીફંડ મળવાપાત્ર નથી.

**૮.પસંદગી પ્રક્રિયાઃ-**

પસંદગીની પ્રક્રીયા બે તબકકામાં યોજવામાં આવશે જેમાં પ્રથમ તબકકો શારીરિક યોગ્યતા ( ફીજીકલ ટેસ્ટ) અને બીજો તબકકો હેતુલક્ષી પ્રશ્નોવાળી OMR પદ્ધતિથી લેવાનાર પરીક્ષા રહેશે. શારીરિક યોગ્યતા પરીક્ષામાં ઉત્તિર્ણ થયેલ ઉમેદવાર **OMR** પધ્ધતિથી લેવાનાર મુખ્ય પરીક્ષા માટે લાયક ગણાશે.

વનરક્ષા સહાયક માટે પસંદગીની મેરીટ જે તે જિલ્લા કક્ષાએ તૈયાર કરવામાં આવશે. વધુમાં મેરીટના ધોરણે અગ્રતાક્રમ મુજબ કેટેગરીવાર ખાલી જગ્યા ઉપર જે તે કેટેગરીના લાયક ઉમેદવારની નિમણુંક માટે ફાળવવા પસંદગી યાદી બનાવવામાં આવશે.

આ જગ્યાઓ પર નિમણુંક માટે કોઇ મૌખિક ઇન્ટરવ્યુ/રૂબરૂ મુલાકાત રાખવામાં આવનાર નથી.

**૯. સામાન્ય સુચનાઓઃ-**

(૧) પરીક્ષા કાર્યક્રમ અંગેની તારીખ તથા પરીક્ષા સ્થળ/ કેન્દ્ર અંગેની માહિતી હવે પછી જાહેર કરવામાં આવશે.

(૨) સદરહુ ભરતી સંબંધી તમામ સુચનાઓ/વિગતો વખતોવખત વેબસાઇટ પરથી જોવા મળી શકશે.

(૩) ઉમેદવારે નિયત અરજીપત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અતે તેના પુરાવાઓ જીલ્લા પસંદગી સમિતિ/ખાતા દ્વારા માંગવામાં આવે ત્યારે અસલમાં રજુ કરવાના રહેશે, અન્યથા અરજીપત્રક જે તે તબકકે રદ ગણવામાં આવશે.

(૪) ઉમેદવારે અરજીપત્રકમાં દર્શાવેલ કેટેગરી(જાતિ)માં પાછળથી કેટેગરી બદલવાની રજુઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.

(૫) આ સંવર્ગની ભરતી પ્રક્રિયામાં આખરી પસંદગી પામેલ ઉમેદાવર નિમણુંક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધિન નિમણુંક મેળવવાને પાત્ર ઠરશે.

(૬) પોતે આખરી પસંદગી યાદીમાં સમાવિષ્ટ થવા પાત્રથી સંબંધિત જગ્યા ઉપર નિમણુંક મેળવવાનો દાવો કરવાને હકકદાર થશે નહી. નિમણુંક કરનાર સત્તાધિકારીને એવી ખાતરી થાય કે જાહેર સેવા માટે તે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો ૧૯૬૭ થી ઠરાવેલ નિયમોનુસાર અને આ જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અનુસાર યોગ્ય જણાતો નથી. તો તે તબકકે આ ઉમેદવારને નિમણુંક ન આપવાનો નિર્ણય લઇ શકશે અને આ બાબતે નિમણુંક સત્તાધિકારીનો નિર્ણય આખરી ગણાશે.

(૭) આ ભરતી પ્રક્રિયા સંપુર્ણપણે જે તે સંવર્ગના પ્રવર્તમાન ભરતી નિયમોને આધિન રહેશે.

(૮) આ જાહેરાત કોઇપણ કારણોસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની કે જગ્યાઓની સંખ્યામાં વધ-ઘટ કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો ખાતાને સંપુર્ણ હકક/અધિકાર રહેશે. અને આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહી. તેમજ તેવા સંજોગોમાં ભરેલ અરજી અને પરીક્ષા ફી પરત મળવાપાત્ર થશે નહી.

(૯) (અ) સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં તેઓનો સમાવેશ થતો નથી. તે મતલબનું પ્રમાણપત્ર સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના ૦૬-૦૨-૧૯૯૬ ના ઠરાવથી નિયત થયેલ પરિશિષ્ઠ-ક માં તાઃ૩૧-૦૩-૨૦૧૨ ના રોજ પુરા થયેલ ૨૦૧૧-૧૨ ના નાણાકીય વર્ષની આવકને ધ્યાને લઇને તાઃ૦૧-૦૪-૨૦૧૨ ના રોજથી તાઃ૧૦-૦૯-૨૦૧૨ સુધી યોગ્ય સત્તાધિકારીએ આપેલ હોવું જોઇએ અને આ પરિશિષ્ટ-ક નો નંબર અને તારીખ ઓનલાઇન અરજી વખતે દર્શાવવાનો રહેશે. પરિશિષ્ટ-ક ના સ્થાને એનેક્ષર-એ નું પ્રમાણપત્ર માન્ય ગણાશે નહીં.

(બ) પરિણીત મહિલા ઉમેદવારે આવું પ્રમાણપત્ર તેણીના માતા-પિતાની આવકના આધારે રજુ કરવાનું રહેશે. જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના આધારે આવું પ્રમાણપત્ર રજુ કરેલ હશે તો તેમની અરજી રદ કરવામાં આવશે.

(ક) અરજી સાથે પરિશિષ્ટ-ક ને બદલે એનેક્ષર-એ (અંગ્રેજીમાં) રજુ કરેલ હશે તો પણ આવા ઉમેદવારની અરજી સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગની જગ્યા માટે માન્ય ગણવામા' આવશે નહી.

(૧૦) જાહેરાતમાં દર્શાવેલ જગ્યાઓ ઉપર ઉમેદવારોની પસંદગી સ્પર્ધાત્મક પરીક્ષાના આધારે કરવામાં આવશે નહી.

(૧૩) ગુજરાતના સરકારી કર્મચારી આ જાહેરાત સંદર્ભમાં બારોબાર અરજી કરે શકશે. પરંતુ તેની જાણ ઉમેદવારે પોતાના વિભાગ/ખાતા/કચેરીને દિન-૭ માં અચુક કરવાની રહેશે. જો ઉમેદવારના વિભાગ/ખાતા/કચેરી તરફથી અરજી મોકલવાની છેલ્લી તારીખ બાદ ૩૦ દિવસમાં અરજી કરવાની પરવાનગી નહી આપવાની સમિતિને જાણ કરવામાં આવશે તો તેઓની અરજી નામંજુર કરી ઉમેદવારી રદ કરવામાં આવશે.

ઉમેદવારે અરજી કરવા માટે નીચે મુજબના સ્ટેપ (૧) થી (૧૨) અનુસરવાના રહેશે. કન્ફરમેશન નંબર મળ્યા પછી જ અરજી સંપુર્ણ રીતે ભરાયેલ ગણાશે.

**અરજી કરવાની રીતઃ-**

આ જાહેરાતના સંદર્ભમાં એન.આઇ.સી.ની http://ojas.guj.nic.in વેબસાઇટ મારફત ઓનલાઇ જ અરજી સ્વીકારવામાં આવશે. ઉમેદવારે જાહેરાતમાં દર્શાવ્યા તારીખઃ૨૭/૦૮/૨૦૧૨ (૧૪.૦૦ કલાકથી) થી તારીખઃ ૧૦/૦૯/૨૦૧૨ (સમય રાત્રીના ૧૧.૫૯ કલાક સુધી) દરમ્યાન વેબસાઇટ http://ojas.guj.nic.in પર અરજીપત્રક ભરી શકશે. ઉમેદવારે (૧) સૌ પ્રથમ કોમ્પ્યુટરમાં ઇન્ટરનેટમાં વેબસાઇટ http://ojas.guj.nic.in પર જવું. હવે (૨) "Apply on line" Click કરવાથી ભરવાપાત્ર જગ્યાનો જાહેરાત ક્રમાંક, નામ અને અરજી કરવાની મુદતની વિગત દેખાશે. (૩) અરજી કરવા ઇચ્છતા ઉમેદવારે જગ્યા પસંદ કરેથી તેની નીચે "Apply now" પર click કરવાથી Application Format દેખાશે. Application Format માં સૌપ્રથમ "Personal Details" ઉમેદવારે ભરવી (અહી લાલ કુંદડી (*) નિશાની હોય તેની વિગતો ફરજીયાત ભરવાની રહેશે.) (૪) Personal Details ભરાયા બાદ "Educational Details" ભરવા માટે "Educational Details" પર Click કરવુ. (૫) હવે ઉમેદવારે પરીક્ષા કેન્દ્ર (exam centre) પર Click કરવું. અહી પસંદગીના પરીક્ષા કેન્દ્રની વિગત પસંદ કરવી. (૬) તેની નીચે "Self declaration" માં Yes/No પર Click કરવુ. (૭) હવે "Save" પર Click કરવાથી તમારી અરજીનો online સ્વીકાર થશે. અરજીના સ્વીકારથી આપનો "Application Number" generate થશે. જે ઉમેદવારે નોંધી લેવાનો અને સાચવીને રાખવાનો રહેશે. (૮) હવે પેજના ઉપરના ભાગમાં Upload Photograph પર Click કરો અહીં તમારો application number type કરો અને તમારી Birth date type કરો. ત્યારબાદ ok પર Click કરવુ. અહીં photo અને signature upload કરવાના છે. (photo નુ માપ ૫ સે.મી. ઉંચાઇ અને ૩.૬ સે.મી. પહોળાઇ અને signature નુ માપ ૨.૫ સે.મી. લંબાઇ અને ૭.૫ સે.મી. પહોળાઇ રાખવી.) photo અને signature upload કરવા સૌપ્રથમ તમારો photo અને signature jpg format માં (15 kb) સાઇઝથી વધારે નહિ તે રીતે computer માં હોવા જોઇએ) "browse" button પર Click કરો. અને Choose File ના સ્ક્રીનમાંથી જે ફાઇલમાં jpg format માં તમારો photo store થયેલ છે. તે ફાઇલને Select કરો અને Open Button ને Click કરો. હવે "browse" button ની બાજુમાં "Upload" button પર click કરો. જેથી બાજુમાં તમારો photo દેખાશે. હવે આ જ રીતે signature પણ upload કરવાની રહેશે. (૯) હવે પેજના ઉપરના ભાગમાં "Confirm Application" પર Click કરો અને "Application Number" તથા Birth Date Type કર્યા બાદ ok પર Click કરવાથી બે (૨) બટન (૧) application preview (૨) Confirm Application દેખાશે. ઉમેદવારે application preview પર Click કરી પોતાની અરજી જોઇ લેવી અરજીમા' સુધારો કરવાનો જણાય તો edit application ઉપર Click કરીને સુધારો કરી લેવો. અરજી Confirm કર્યા પહેલા કોઇપણ પ્રકારનો સુધારો થઇ શકશે. પરંતુ અરજી Confirm થયા બાદ કોઇપણ પ્રકારનો સુધારો શકય બનશે નહી. જો અરજી સુધારવાની જરૂર ના જણાય તો જ Confirm Application પર Click કરવુ. Confirm Application પર Click કરવાથી ઉમેદવારની અરજીનો જીલ્લા પસંદગી સમિતિમાં online સ્વીકાર થઇ જશે. અહીં "Confirm Number" Generate થશે. જે હવે પછીની બધી જ કાર્યવાહી માટે જરૂરી હોઇ ઉમેદવારે સાચવવાનો રહેશે. "Confirm Number" સિવાય કોઇપણ પત્રવ્યવહાર કે પરીક્ષાને લગતી કોઇપણ કાર્યવાહી કરી શકાશે નહી. આ નંબર ભવિષ્યમાં આ જાહેરાતના સંદર્ભમાં જીલ્લા પસંદગી સમિતિ સાથેના કોઇપણ પત્રવ્યવહારમાં સંદર્ભ તરીકે

દર્શાવવાનો રહેશે. (૧૦) હવે Print Application પર Click કરવું અહીં તમારો "Confirm Number" ટાઇપ કરવાનો અને Print પર Click કરી અરજીની નકલ કાઢી સાચવી રાખવી (૧૧) અરજી Confirm થયેથી તુરત જ અરજીમાં દર્શાવેલ મોબાઇલ નંબર ઉપર SMS મળશે આપના મોબાઇલ નંબર ઉપર સમિતિ દ્વારા આ જાહેરાત સંદર્ભે SMS થી જાણ કરવામાં આવશે. (૧૨) આ જાહેરાત સંબંધિત પરીક્ષા અને પસંદગી પ્રિક્રયા સંદર્ભની તમામ સુચનાઓ આપે અરજીમાં દર્શાવેલ મોબાઇલ નંબર ઉપર જ SMS થી જાણ કરવામાં આવશે જેથી આ પસંદગીની પ્રક્રિયા પુર્ણ થાય નહી ત્યાં સુધી આપનો મોબાઇલ નંબર બદલવો નહી. અન્યથા પરીક્ષા સંબંધિત સુચનાઓ આપને નહી મળે તો જીલ્લા પસંદગી સમિતિની જવાબદારી રહેશે નહી.

આ જાહેરાતમાં દર્શાવેલ જગ્યાના ભરતી નિયમો અન્વયે શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા, વયમર્યાદામાં છુટછાટ, પરીક્ષા ફી અને પરીક્ષાને લગતી પસંદગીની પધ્ધતિની અને જાહેરાતની અન્ય તમામ વિગતો એન.આઇ.સી.ની http://ojas.guj.nic.in ઉપર જોવા મળશે. ઉમેદવારે ઓનલાઇન અરજીપત્રકમાં બતાવેલી કોઇ પણ વિગત અને ઉમેદવારે નિમણુંક સત્તાધિકારી સમક્ષ રજુ કરેલ જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત, વય, જાતિ, અન્ય લાયકાતોને લગતા પ્રમાણપત્રો ભવિષ્યમા' જે તે તબકકે નિમણુંક અધિકારી દ્વારા ચકાસણી દરમ્યાન ખોટા માલુમ પડશે તો તેની સામે યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આવા ઉમેદવારોની ઉમેદવારી નિમણુંક સત્તાધિકારી/સમિતિના પરામર્શમાં રદ કરવામાં આવશે. તેમજ આવા ઉમેદવારની જો પસંદગી/નિમણુંક થયેલ હશે તો સંબંધિત કચેરી દ્વારા જીલ્લા પસંદગી સમિતિના પરામર્શમાં કોઇપણ તબકકે રદ કરવામાં આવશે. આ સંવર્ગની સીધી ભરતી પ્રક્રિયા સંપુર્ણ પણે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો ૧૯૬૭ અને વખતો વખત તેમાં થયેલ સુધારા અને તે અન્વયે આ સંવર્ગોના ભરતી નિયમો/પરીક્ષા નિયમોને આધિન રહેશે. આ જગ્યાની ભરતી પ્રક્રિયાના અનુસંધાને આ જાહેરાતમાં કોઇપણ ફેરફાર કરવાની કે રદ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાનો જીલ્લા પસંદગી સમિતિને સંપુર્ણ હકક/અધિકાર રહેશે અને જીલ્લા પસંદગી સમિતિ આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહી.

**(પ્રદીપ ખન્ના)**
અગ્ર મુખ્ય વન સંરક્ષક
ગુજરાત રાજય, ગાંધીનગર

તારીખઃ /૮/૨૦૧૨
સ્થળઃ- ગાંધીનગર